©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 01st APRIL, 2026/CHAITRA 11, 1948 [No. 2417

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ, કોસંબા

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૩

તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ હેઠળ

(નિયમ-૫ મુજબ નાં નમુના-'ક' મુજબ ની નોટીસ)

મુસદ્દારૂપ તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫

ક્રમાંક : કોસંબા/મુ.તૃ.પુ.વિ.યો.-૨૦૪૫/૧૧૧/૨૬.–કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ તથા કોસંબા ગ્રામપંચાયતની વિકાસ યોજના સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૧૩-૦૭-૨૦૧૫ નાં જાહેરનામા જીએચ/વી/૨૨૬નો ૨૦૧૫/ડીવીપી-૧૪૨૦૧૪-૩૯૧૫-એલ થી મંજૂર થઈ તા.૧૩-૦૭-૨૦૧૫થી અમલમાં આવેલ છે. કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ તથા કોસંબા ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯ હેઠળ રાજ્ય સરકારને સુચિત મુસદ્દારૂપ તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ તૈયાર કરી આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ મુજબ સાદર કરેલ છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૩ ની પેટા કલમ (૧) અનુસાર, આ સત્તામંડળ આથી નોટિસ આપે છે કે ગુજરાત રાજ્યના રાજયપત્રમાં વિકાસ યોજનાના મુસદ્દા પ્રસિધ્ધ થયા દૈનિક સમાચારપત્રમાંની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર, કોઈપણ વ્યક્તિને સુચિત મુસદ્દારૂપ તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ ની દરખાસ્તને લગતા જે કોઈ વાંધા/સૂચનો લેખિતમાં કરવાના હોય તો વાંધા સુચનો લેખિત રીતે (ત્રણ નકલમાં) નીચે સહી કરનારને જણાવશો તો સત્તામંડળ તેને વિચારણામાં લેશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અન્વયે સુચિતમુસદ્દારૂપ તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ ના અનુસૂચિમાં દર્શાવેલ વિગતો સહિત, કોસંબા ગ્રામ પંચાયત કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસોએ કચેરી સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

અનુસૂચિ

૧) કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ નો અહેવાલ તથા નક્શાઓ.

૨) કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નક્શો.

૩) કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારની તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ની સુચિત દરખાસ્ત દર્શાવતો નક્શો.

સહી/- અવાચ્ય
સભ્ય સચિવ અને તલાટી-કમ-મંત્રીશ્રી,
કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ
કોસંબા

કચેરીનું સરનામું :
કોસંબા ગ્રામપંચાયત કચેરી,
મુ.કોસંબા તા.માંગરોળ,
જિ. સુરત.

અનુસૂચિ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩(૨)

(૧) હયાત જમીન વપરાશનો નક્શો-હયાત રોડ, તળાવ, કોતર, નદી, નહેર વિગેરેની વિગતો સહ.

(૨) સૂચિત જમીન વપરાશ દર્શાવતો મુસદ્દારૂપ વિકાસ નક્શો-સૂચિત રોડ, અનામત જમીન, હયાત કુદરતી પરિબળો,ગામતળની હદ રેખા, મંજૂર નગર રચના યોજનાઓની હદ રેખા વિગેરેની વિગતો સહ.

(૩) મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫નો અહેવાલ (રીપોર્ટ) જેમાં,

ક. સુચિત જમીનનો ઉપયોગ દર્શાવતો નક્શો અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા માટે કરેલ સર્વેની વિગતો.

ખ. નક્શા, ચાર્ટ અને વિકાસ યોજનાના મુસદ્દામાંની જોગવાઈઓ સમજાવતાં નિવેદનો.

ગ. વિકાસ યોજનાના મુસદ્દાની જોગવાઈઓનો અમલ કરવા માટેના વિનિયમોની વિગતો (CGDCR-2017).

ઘ. વિકાસ યોજનાના મુસદ્દાથી કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળને ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેનું નિવેદન.

ચ. સાર્વજનિક હેતુઓ માટે અલાયદી રાખેલી જમીનના સંપાદનના થનાર ખર્ચનો આશરે અંદાજ.

સહી/- અવાચ્ય
સભ્ય સચિવ અને તલાટી-કમ-મંત્રીશ્રી,
કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ
કોસંબા

પરિશિષ્ટ-ક

જિલ્લા : સુરત

તાલુકાનું નામ	ગામનું નામ
માંગરોળ	(૧) કોસંબા ગ્રામ પંચાયત હદ વિસ્તાર

સહી/- અવાચ્ય
સભ્ય સચિવ અને તલાટી-કમ-મંત્રીશ્રી,
કોસંબા વિસ્તાર વિકાસ સત્તામંડળ
કોસંબા

Notification

Kosamba Area Development Authority

The Gujarat Town Planning & Urban Development Act-1976 &

The Gujarat Town Planning & Urban Development Rules-1979

(Notice as per Form –A, Under Rule No.5)

No.Kosamba/T.P./D.T.R.D.P.-2045/111/26, WHEREAS The Kosamba Area Development Authority has prepared and submitted a Proposed Draft Third Revised Development Plan (Draft Development Plan-2045) described in the schedule hereto annexed for the area known as KosambaArea Development Authority (Annexure-A) to the State Government under section 9 of the Gujarat Town Planning & Urban Development Act, 1976 (hereinafter referred to as "the said Act");

Now, therefore, in pursuance of sub-section (1) of section 13 of the said Act the Kosamba Area Development Authority hereby gives notice that any objections and suggestions which may be received (in three copies) from any person in writing with respect to the Proposed Draft Third Revised Development Plan-2045 within a period of two months from the date of its publication in the official gazette shall be considered by the Authority.

The Proposed Draft Third Revised Development Plan-2045 and particulars specified in Schedule is kept open for public inspection in the office of Authority on all working days during the office hours.

Sd/- Illegible
Talati Kum Mantri
Kosamba Area Development Authority
Kosamba

Office :
Kosamba Gram Panchayat ,
At.Kosamba Ta. Mangrol Dist. Surat

SCHEDULE

The Gujarat Town Planning & Urban Development Act-1976, Section- 13(2)

1. Existing and-use map - with existing road, lake, ravine, river, canal etc.
2. Proposed draft land-use map – with proposed road, reservation, natural factors, gamtal boundary, sanctioned town planning schemes boundary, etc.
3. Report of draft third revised development Plan-2045, including
   a) A statement indicating broadly the uses to which lands in the area covered by the plan are proposed to be put and any survey carried out for the preparation of the draft development plan.
   b) Maps, charts and statements explaining the provisions of the draft third revised development Plan-2045.
   c) Details of regulations (CGDCR-2017) for enforcing the provisions of the draft third revised development Plan-2045.
   d) A Statement of the stage of development by which it is proposed to meet any obligation imposed on the Urban Development Authority by the draft third revised development Plan-2045.
   e) An approximate estimate of the cost involved in acquisition of land reserved for public purposes.

Sd/- Illegible
Talati Kum Mantri
Kosamba Area Development Authority, Kosamba

ANNEXURE- A

DISTRICT-SURAT

Name of Taluka	Village Name
Mangrol	Kosamba

Sd/- Illegible
Talati Kum Mantri
Kosamba Area Development Authority, Kosamba

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.01 17:23:56 IST